
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ઈરાનના હુમલાને કારણે દુબઈ અને અબુધાબીમાં ફસાયેલા પરિવારોને રાહત

# ટુરિસ્ટોનો રોકાણનો ખર્ચ UAE ઉપાડશે

**યુએઈ** સરકાર દ્વારા તમામ હોટલ મેનેજમેન્ટ માટે સૂચનાઓ જારી કરવામાં આવી

**પોતાનો** સ્ટે પૂરો થયા બાદ ફ્લાઈટ કેન્સલ થયાનો મેસેજ હોટલ મેનેજમેન્ટને બતાવવાનો રહેશે


Ref. : DCT-LRCD-560-2026
Date : 28/02/2026

Hotel Establishments General Managers

Subject: Extension of Guests' Stay Due to Travel Restrictions

Greetings,

Pursuant to Law No. 8 of 2018 establishing the Department of Culture and Tourism – Abu Dhabi (DCT Abu Dhabi) with a mandate to develop the tourism industry in the Emirate of Abu Dhabi;

In light of the current circumstances and given that some guests have reached their check out date but are unable to travel for reasons beyond their control, you are kindly requested to extend their stay until they are able to depart.

The cost of the extended stay will be covered by DCT Abu Dhabi. Kindly send all related invoices to the following e-mail address: bcmoperations@dctabudhabi.ae.

For further inquiries, please contact the Business Continuity Team at the following number: 026576283.

યુએઈ સરકારે કરેલો આદેશ

સુરતઃ ઈઝરાયલ-અમેરિકા સામેના યુદ્ધમાં ઈરાને યુએઈ પર કરેલા હુમલાને કારણે દુબઈ-અબુધાબી ફરવા માટે ગયેલા સુરતના અનેક પરિવારો ફસાઈ ગયા છે. હાલમાં દુબઈ એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું હોવાથી જે પરિવારો ભારત પાછા ફરી શકે તેમ નહીં હોય તે પરિવારોને સરકારી ખર્ચે જે તે હોટલમાં રાખવા માટેનો આદેશ યુએઈ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. યુએઈ સરકાર દ્વારા લેવામાં આવેલા આ પગલાને કારણે ફસાયેલા પરિવારોની તકલીફો ઓછી થઈ છે. સ્થાનિક હોટલ દ્વારા પણ જે પરિવારોની ફ્લાઈટ કેન્સલ થઈ હોય તેમને રહેવા દેવા માટે સંમતિ આપવામાં આવી છે.

હાલમાં દુબઈના પ્રવાસે પરિવાર સાથે ગયેલા સુરતના કતારગામ વિસ્તારના ડો.કૌશિક સોની અને ડો. જયેન્દ્ર સાહનીએ જણાવ્યું હતું કે, આ યુદ્ધમાં દુબઈ તેમજ અબુધાબીને પણ ઈરાન દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યું છે પરંતુ ડ્રોન કે મિસાઈલને અધવચ્ચે તોડી પાડવામાં આવી રહી છે. દુબઈ કે અબુધાબીમાં જે કંઈ સમસ્યા સર્જાઈ છે તે આ તૂટેલી મિસાઈલ કે ડ્રોનના અવશેષો પડવાને કારણે થઈ છે. યુએઈ સરકાર દ્વારા આ મામલે ખૂબ જ તકેદારી રાખવામાં આવી રહી છે. ઈરાન નિશાન નહીં બનાવે તે માટે ફરવાના કેટલાક સ્થળો હાલમાં બંધ કરી દેવામાં આવ્યા છે.

યુએઈ સરકાર દ્વારા જે પરિવારોનો હોટલ સ્ટે પુરો થઈ ગયો છે અને હાલમાં ફ્લાઈટ બંધ હોવાથી જે

...અનુસંધાન પાના 6 પર

### દુબઈ-અબુધાબીમાં જે-તે હોટલમાં જ રહેવા માટે ટુરિસ્ટોએ શું કરવાનું રહેશે ?

- ટુરિસ્ટોએ બુકિંગ બાદ તે જ હોટલમાં રહેવા માટે યુએઈ સરકારનો મેસેજ હોટલ મેનેજમેન્ટને બતાવવાનો રહેશે
- આ મેસેજ અનેક ટુરિસ્ટોને તેમના મોબાઈલમાં આવ્યો હશે અથવા ઈન્ટરનેટ પરથી શોધવાનો રહેશે
- ટુરિસ્ટોએ પોતાની પરત જવાની ફ્લાઈટ કેન્સલ થઈ હોવાનો મેસેજ હોટલ સંચાલકને બતાવવાનો રહેશે
- જો હોટલ સંચાલક વધુ સમય માટે રહેવા દેવા તૈયાર નહીં થાય તો સ્થાનિક સરકારી તંત્રનો સંપર્ક કરવાનો રહેશે

### ઈરાન નિશાન નહીં બનાવે તે કારણથી ફરવાનાં કેટલાંક સ્થળો બંધ કરાયાં

ડૉ. કૌશિક સોની અને ડો. જયેન્દ્ર સાહનીએ જણાવ્યું હતું કે, ઈરાનના હુમલાનો ભય હોવાથી દુબઈ અને અબુધાબીના ફરવાના કેટલાક સ્થળો હાલપુરતાં બંધ કરી દેવામાં આવ્યા છે. આ સ્થળોમાં એટલાન્ટિસ એક્વાવેન્ચર વોટરપાર્ક, એક્સલાઈન દુબઈ મરિના, સ્કાયડાઈવ, યશ વોટર વર્લ્ડ, દુબઈ ફ્રેમ, દુબઈ પાર્ક્સ એન્ડ રિસોર્ટ્સ, એઈન દુબઈ, ગ્લોબલ વિલેજનો સમાવેશ થાય છે. આ સિવાયના ફરવાના સ્થળો હાલમાં ચાલુ છે. ટુરિસ્ટોને રોજ મેસેજ કરીને કયા સ્થળોએ ફરવા જઈ શકાશે તેની જાણ કરવામાં આવી રહી છે.

## દુબઈમાં હાલ વર્ક ફ્રોમ હોમની સ્થિતિ

**સોશિયલ** મીડિયામાં યુદ્ધને થોડું મોટું સ્વરૂપ અપાયું છે, પરિસ્થિતિ એટલી ખરાબ નથી: વલસાડના એન્જિનિયર



વલસાડઃ વલસાડના હોલસેલ અનાજ વેપારી મહામંડળના પ્રમુખ અને ચોખાના વેપારી સમીર મપારાનો પુત્ર દુબઇમાં રહે છે. અભ્યાસે સિવિલ એન્જિનિયર અને તેની પત્ની ત્યાં મોટી કંપનીમાં કામ કરે છે. બુર્જ ખલિફાની બાજુમાં થયેલા વિસ્ફોટ બાદ સમીરભાઇ ચિંતિત થઇ ગયા હતાં. જોકે, તેમના પુત્રે જણાવ્યું કે, સોશિયલ મીડિયામાં યુદ્ધને થોડું મોટું સ્વરૂપ અપાયું છે. પરિસ્થિતિ એટલી ખરાબ નથી. દુબઇમાં હાલ તેમને કામ પર નહીં આવવાની અને ઘરેથી જ કામ કરવાની સૂચના અપાઇ છે. જોકે, દિવસ રાત થઇ રહેલા ધડાકાના અવાજ ચિંતાજનક લાગી રહ્યા છે.

### વલસાડના કકવાડી ગામના રહીશ ઇરાનમાં ફસાયા



વલસાડ : ઇરાન સામે ઇઝરાઇલ અમેરિકાના યુદ્ધના પગલે લોકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જેમાં વલસાડથી ઇરાન કામ અર્થે ગયેલા એક વ્યક્તિ બે દિવસથી સંપર્ક વિહોણા બન્યા છે. કકવાડીના આ રહીશ ઇરાનમાં સંપર્ક વિહોણા બનતા તેમના પરિવારજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ઇરાનના ચરક શહેરમાં ફસાયેલા કકવાડીના જયંતિ ટંડેલના પુત્ર જયે જણાવ્યું કે, બે દિવસ અગાઉ તેના પિતા સાથે વાત થઇ હતી. ત્યારે તેમણે જણાવ્યું કે, અહીં ફરીથી યુદ્ધ શરૂ થઇ ગયું છે. જોકે, ત્યારબાદ મોબાઇલ લાગતો ન હતો. જેના કારણે પરિવારજનો ચિંતામાં મુકાયા છે.




### ચીખલી તાલુકા અને વલસાડના 52 પ્રવાસીઓનું ગ્રુપ દુબઈમાં ફસાયું

ઘેજ : ચીખલી તાલુકાના પ્રવાસીઓનું ગ્રુપ ફ્લાઇટ કેન્સલ થતાં દુબઈમાં ફસાયું છે. દેગામની હોલિડેઝના માધ્યમથી રાનવેરી ખુર્દ, કુકેરી, વંકાલ, ચાપલધરા ઉપરાંત વલસાડ જિલ્લાના 52 પ્રવાસીઓનું ગ્રુપ દુબઈના પ્રવાસે ગયું હતું. આ ગ્રુપનો પ્રવાસ પૂર્ણતાને આરે હતો. તે દરમિયાન હુમલા બાદ ફ્લાઇટ કેન્સલ થતાં આ તમામ પ્રવાસીઓ દુબઈમાં ફસાઈ ગયા છે. અને અહીં પરિવારજનોમાં ચિંતાના વાદળો છવાયા છે અને હવે ભારત સરકાર સરકાર તમામને પરત લાવવા માટેની તજવીજ હાથ ધરે તેવી માંગ ઉઠી છે. મિસ્ત્રી હોલિડેઝના કલ્પેશભાઇ મિસ્ત્રીના જણાવ્યાનુસાર અહીં ખાસ ભાઈનો માહોલ નથી,

...અનુસંધાન પાના 6 પર

### ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા પરિણામ જાહેર કરાયું

# CA ફાઈનલ: સુરતના સાત AIR-ટોપ 50માં, 96 બંને ગ્રુપમાં સફળ

**કૃષ્ણા** કેડિયાએ 25મો, વંદન વોરાએ 30મો અને કૃતિકા બાજોરિયાએ 33મો ક્રમાંક મેળવ્યો

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા જાન્યુઆરી મહિનામાં લેવાયેલી સી.એ. ફાઇનલ પરીક્ષાના પરિણામમાં સુરતના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. ફાઇનલ પરીક્ષામાં સુરતના સાત વિદ્યાર્થીએ ઓલ ઇન્ડિયા ટોપ-50માં સ્થાન મેળવી શહેરનું નામ રોશન કર્યું છે.

જાન્યુઆરીમાં યોજાયેલી સી.એ. ફાઇનલ પરીક્ષાનું પરિણામ રવિવારે મોડીરાત્રે વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતાં જ વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરતના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્તમ ગુણ સાથે ફાઇનલ પરીક્ષામાં પાસ થયા છે. સુરત બ્રાન્ચના અધ્યક્ષ સી.એ.

...અનુસંધાન પાના 6 પર



(તસવીર : હેમંત ડેરે)

### પાંચ વિદ્યાર્થીએ મેળવ્યો ઓલ ઇન્ડિયા રેન્ક

સી.એ. રવિ છાવછરિયાના માર્ગદર્શન હેઠળ પાંચ વિદ્યાર્થીએ ઓલ ઇન્ડિયા ટોપ-50માં સ્થાન મેળવ્યું છે. 600 ગુણની આ પરીક્ષામાં મૂળ રાજસ્થાનના ઝુંઝનૂં જિલ્લાના કેડગાંવ નિવાસી કૃષ્ણા કેડિયાએ 415 ગુણ સાથે દેશભરમાં 25મો રેન્ક મેળવ્યો છે. વંદન વોરાએ 407 ગુણ સાથે 30મો, હિતસર શાહે 396 ગુણ સાથે 40મો, રાજસ્થાનના ઝુંઝનૂં જિલ્લાના ખેડડી નિવાસી હર્ષ મરોડિયાએ 394 ગુણ સાથે 42મો અને રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ફતેહનગર નિવાસી અમન બડાલાએ 387 ગુણ સાથે 49મો રેન્ક મેળવ્યો છે. આ

...અનુસંધાન પાના 6 પર

### શહેર અને રાષ્ટ્રીય સ્તરે નામ રોશન કરનાર વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થી | એઆઈઆર | સુરત રેન્ક |
|---|---|---|
| કેડિયા કૃષ્ણ મનોજભાઈ | 25 | 01 |
| વંદન શૈલેષકુમાર વોરા | 30 | 02 |
| ક્રિતિકા જીતેન્દ્ર બજોરિયા | 33 | 03 |
| હિતસાર રવિન્દ્ર શાહ | 40 | 04 |
| અમન રાજકુમાર બદાલા | 49 | 05 |

### સોશિયલ મિડીયાથી દૂર રહી લક્ષ્યને જ પ્રેરણાસ્ત્રોત બનાવ્યું



કૃષ્ણ કેડિયાએ જણાવ્યું કે, લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે હું સોશિયલ મીડિયામાં સક્રિય નહોતો. રોજ નક્કી સમય પર અભ્યાસ કર્યો અને રિવિઝન પર ખાસ ભાર મૂક્યો. ફોકસ જાળવવાથી આત્મવિશ્વાસ વધ્યો અને સારા ગુણ મળ્યા.

### પરીક્ષાના 3 મહિના પહેલા ઇન્સ્ટાગ્રામ બંધ કરી દીધું



ક્રિતિકાએ જણાવ્યું કે, અભ્યાસ દરમિયાન સ્વાસ્થ્યના પડકારોનો સામનો કર્યો હોવા છતાં ક્યારેય હિંમત હારી નથી. સોશિયલ મીડિયાના ડિસ્ટ્રેક્શનથી દૂર રહેવા પરીક્ષાના 3 મહિના પહેલા જ ઇન્સ્ટાગ્રામ બંધ કરી દીધું હતું. કેટલાક કઠીન પ્રશ્નો ઉકેલવા તેમને AI (ChatGPT)નો પણ થોડો ઉપયોગ

...અનુસંધાન પાના 6 પર

### પ્રોફેશનલ જજમેન્ટમાં AI ક્યારેય માણસની જગ્યા નહીં લઈ શકે



વંદન વોરાએ જણાવ્યું કે, પ્રથમ ફોન માતા-પિતાને કરીને આ સફળતા તેમને અર્પણ કરી હતી. અભ્યાસ કરતા માનસિક થાક વધુ હતો, પરંતુ મેં ક્યારેય હાર ન માની. સોશિયલ લાઈફ, તહેવારો અને ક્રિકેટનો ત્યાગ કરી વંદને 'ડિસિપ્લિન'ને જ પોતાનું હથિયાર બનાવ્યું હતું. સમાજના પ્રશ્નોના

...અનુસંધાન પાના 6 પર

## બ્લેકમેલને કારણે મોત થાય એ ગંભીર: નયન સુખડવાલા

**દુનિયામાં** કઠોર સ્વભાવના પિતા માટે દીકરીનો લગ્નપ્રસંગ સુવર્ણ અવસર હોય છે

**પૂનમની** બહેન પ્રિયા પાસેથી પૂનમનો મોબાઈલ ફોન કબજે લેવાનો બાકી છે

**આરોપી** પૂનમની બહેનને નિવેદન આપ્યું છે કે આરોપીના ત્રાસના કારણે મરણ જનારે વાત કરવાનું બંધ કરી દીધું હતું

**આરોપીને** જામીન પર છોડવામાં આવે તો પુરાવા સાથે ચેંડા થઈ શકે છે

સુરતઃ બિલ્ડર તુષાર ઘેલાણીનાં આપઘાતની દુષ્પ્રેરણા કેસમાં ધરપકડ કરાયેલી સ્ત્રીમિત્ર પુનમ ભદોરિયાની જામીન અરજી પર સેશન્સ કોર્ટમાં અગાઉ બચાવપક્ષે દલીલો થઈ હતી.આજે ફરિયાદપક્ષે કોર્ટમાં દલીલો કરવામાં આવી હતી.આ સુનાવણી વેળા તપાસ અધિકારી મદદનીશ પોલીસ કમિશનર મલ્હોત્રા હાજર રહ્યાં હતા.

મિત્રતા રાખવીએ ગુનો નથી સ્ત્રી મિત્ર બનાવવી વાંધો નથી પરંતુ મિત્રતા લાલચમાં પરિણમે એ લાલચ બ્લેકમેલ અને ખંડણીને

...અનુસંધાન પાના 6 પર

### આરોપી પૂનમ ભદોરિયાની જામીન અરજી પરની મુખ્યત્વેની દલીલો

સુરતઃ સુરતમાં ટોક ઓફ ધી ટાઉન બનેલા બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત દુષ્પ્રેરણા કેસમાં આરોપી પુનમે કોર્ટમાં રજુ કરેલી જામીન અરજીમાં બંને પક્ષે થયેલી દલીલનો સારાંશ આ મુજબ હતો.

#### સરકાર પક્ષે દલીલ

(૧) સ્ત્રી મિત્રની લાલચ બ્લેકમેઇલને કારણે આત્મહત્યા
(૨) રિમાન્ડનો અધિકાર રિઝર્વ રાખ્યો છે
(૩) પ્રિયા પાસેથી આરોપી પુનમનો મોબાઈલ ફોન કબજે કરવાનો બાકી છે

...અનુસંધાન પાના 6 પર

#### બચાવ પક્ષે દલીલ

(૧) જીવ્યાં ત્યાં સુધી કોઇએ કશું કહ્યું નથી. પુરાવા ક્યાં છે?
(૨) પોલીસ તપાસની જરૂર જ લાગી નથી એટલે રિમાન્ડ માંગ્યા નથી
(૩) તા ૨૩-૨-૨૬ના રોજ એસીપી ઝેડ આર દેસાઈને મોબાઈલ ફોન આપ્યાંની એફિડેવિટ

...અનુસંધાન પાના 6 પર

### 100ની સ્પીડે KTM પર એન્જોય, અનેક વાહનોને કટ મારી ને બાઈક સ્લીપ

## ભીમપોરમાં બાઈકનો અકસ્માત રિલ બનાવવાના ચક્કરમાં થયો હતો

**દીવાલ** સાથે અથડાયા બાદ એકનું ઘટના સ્થળે મોત થયું હતું, બીજાનું સારવાર દરમિયાન

**લાઈવ** વિડીયોમાં અકસ્માતના સમગ્ર ઘટનાનો ચોંકાવનારો ક્રમ સામે આવ્યો

સુરતઃ ગઈકાલે મિત્રના જન્મ દિવસની ઉજવણી કરીને ઘરે જઈ રહેલા ધોરણ 9માં અભ્યાસ કરતા ત્રણ મિત્રને બાઈક સ્લીપ થતા અકસ્માત થયો હતો. એકનું ગઈકાલે ઘટના સ્થળે મોત થયું હતું. બીજા મિત્રનું આજે સારવાર દરમિયાન મોત થયું હતું. અને બાઈક ચાલકને સારવાર બાદ રજા આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત પાછળનું કારણ ત્રણેય રીલ બનાવતા હોવાનું સામે આવ્યું છે.

આ સમગ્ર ઘટનામાં સૌથી ગંભીર

...અનુસંધાન પાના 6 પર

### 15 વર્ષનાં બાળકો મિત્રની સ્પોર્ટ્સ બાઈકને લઈને નીકળ્યાં, લાઈસન્સ પણ ન હતું

તુષાલના પિતરાઈ ભાઈ બુલ્લુ શેટ્ટીએ કહ્યું કે, આ બાઈક તેઓની ન હતી, મિત્ર પાસેથી તેઓ બાઈક માંગીને લઈ ગયા હતા. તેમજ ત્રણેય પાસે લાયસન્સ પણ નથી, હેલ્મેટ પણ પહેર્યું ન હતું. આ બધા સ્કૂલમાં સાથે અભ્યાસ કરે છે, તેઓ ક્લાસમેટ્સ છે. એક વીડિયો બનાવવાના ચક્કરમાં તેઓએ મોતને વહાલું કર્યું છે. તુષાલ ઘરમાં એકનો એક પુત્ર છે.

### ચેતજો, ઉનાળાની ગરમીમાં ઠંડક કરવાની લ્હાયમાં રોગી બની જશો

# ગાયના દૂધ અને આઈસક્રીમમાં ભેળસેળ, 9 નમૂના સબસ્ટાન્ડર્ડ

**ગરમી** વધતાં લોકો આઈસક્રીમ અને ઠંડા પીણા તરફ વળ્યા તો આરોગ્ય વિભાગે ચેકિંગ સઘન કર્યું

સુરતઃ સુરતમાં ગરમીની શરૂઆત થતા જ બજારમાં આઈસ્ક્રીમ અને દૂધની માંગમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. ગરમી વધતા જ લોકો આઈસ્ક્રીમ વધુ ખાતા હોવાથી, ફૂડ વિભાગ દ્વારા આઈસ્ક્રીમના નમુના લેવામાં આવ્યા હતા. વધતી માંગ વચ્ચે લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા વિવિધ સંસ્થાઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન લેવામાં આવેલા નમૂનાઓ પૈકી આઈસ્ક્રીમ અને દૂધના કુલ 9 નમૂના ધોરણો મુજબના ન હોવાનું બહાર આવ્યું છે.

### પાર્લેપોંઇન્ટની સિદ્ધિ અને નાનપુરાની ભાગ્યલક્ષ્મીના દૂધમાં ફેટ ઓછું

1. સિધ્ધિ આઇસ્ક્રીમ, પાર્લે પોઇન્ટ ખાતેથી લેવાયેલા કાજુ દ્રાક્ષ આઇસ્ક્રીમનો નમૂનો મિલ્કફેટનું પ્રમાણ ઓછું
2. શ્રીનાથ દૂધ ડેરી, સીંગણપોર રોડના દૂધમાં મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું મળ્યું.
3. શ્રી કૃષ્ણા ડેરી, બમરોલીના દૂધમાં મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર
4. એ વન ડેરી, ઉનના ગાયના દૂધમાં મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું

...અનુસંધાન પાના 6 પર


જુની બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦



આવતીકાલે તા.૪-૩-૨૦૨૬ ને બુધવારના રોજ
ધૂળેટી નિમિત્તે
માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.
તા.૫-૩-૨૦૨૬ ને ગુરૂવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.
નોંધ: દર રવિવારે માર્કેટ બંધ રહેશે.


**માસિક શ્રધ્ધાંજલિ**



અંજલી અર્પણ કરીએ તો આંસુ સારે છે,
તસ્વીર તમારી જોતા હૈયુ રડે છે.
દરીયા જેવું નિખાલસ હૃદય અને કુટુંબ સાથેનો આપનો અતુટ નાતો
કાયમી સંભારણું બની રહેશે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

લિ.
સુમનભાઈ છિમુભાઇ પટેલ
વિકાસ સુમનભાઇ પટેલ | અનિતા વિકાસભાઇ પટેલ
અલ્પાબેન જગદીશભાઇ પટેલ - પુત્રી (તલંગપોર)
ભારતીબેન જયેશભાઇ તાંબાઘર - પુત્રી (આભવા)
કોકીલાબેન રાજુભાઈ પટેલ - પુત્રી (જીયાવ)
રેખાબેન અરૂણભાઈ ડેરી - પુત્રી (જીયાવ)
માલાબેન હરીશભાઇ પટેલ - પુત્રી (જીયાવ)
દક્ષ અને સાનવી

**સ્વ. ઉર્મિલાબેન સુમનભાઇ પટેલ**
સ્વ. તા.૦૩/૦૨/૨૦૨૬, સોમવાર

**અગિયારમી માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી,
કર્મ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી,
જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃધ્ધ બનાવી સારા
સંસ્કારો આપી જીવન જીવતા શીખવી ગયા, દેહથી
ભલે અદ્રશ્ય થઈ ગયા પરંતુ સ્મૃતિમાં હંમેશા યાદ રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

બાબુભાઈ ડાહ્યાભાઈ પટેલ
હરીશભાઈ બાબુભાઈ પટેલ
મનીષાબેન હરીશભાઈ પટેલ
ભરતભાઈ બાબુભાઈ પટેલ
નીતાબેન ભરતભાઈ પટેલ
પ્રકાશભાઈ બાબુભાઈ પટેલ
દિવ્યાબેન પ્રકાશભાઈ પટેલ
દીપ, તિલક, મંથન, સ્વ. પાવન
સ્થળ : આભવા ગામ

**સ્વ. ધનુબેન બાબુભાઇ પટેલ**
સ્વ. તા. ૦૩/૦૪/૨૦૨૫

**નવમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



સ્વ. શાંતિલાલ આર. ચાહવાલા
અવસાન તા. 04-03-2017
શ્રીમતી એમ. આર. સી. હાઈસ્કૂલ, દિહેણ
પૂર્વપ્રમુખશ્રી, સ્થાનિક કેળવણી મંડળ
દિહેણ, તા. ઓલપાડ, જિ. સુરત

શાળાના પૂર્વ પ્રમુખ અને નિડર, નિષ્ઠાવાન, પરિવાર અને શાળાના પથદર્શક, પ્રમાણિકતાના પ્રતિક, આપનો મિલનસાર, સરળ સ્વભાવ, સેવાકીય જીવનની આપની પ્રેમાળ છબી અમારા સૌના હૃદયમાં અકબંધ રહેશે. આપનું પરોપકારી અને સિદ્ધાંતભર્યું પારદર્શક જીવન શાળા પરિવાર માટે પ્રેરણારૂપ રહેશે. આપના સ્મરણમાં અમારા સૌની હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ.

લિ.
ગં. સ્વ. લક્ષ્મીબેન શાંતિલાલ ચાહવાલા
શ્રી ભરતભાઈ શાંતિલાલ ચાહવાલા
અ.સૌ. અંકિતાબેન ભરતભાઈ ચાહવાલા
શ્રી સંજયભાઈ શાંતિલાલ ચાહવાલા
લહેર-આરવ
મુ. પો. દિહેણ, તા. ઓલપાડ, જિ. સુરત

લિ.
સંજયભાઈ શાંતિલાલ ચાહવાલા
પ્રમુખશ્રી
સ્થાનિક કેળવણી મંડળ, દિહેણ
તથા કારોબારી સભ્યશ્રીઓ
શ્રીમતી એમ. આર. સી. હાઈસ્કૂલ, દિહેણ
આચાર્ય તથા સમગ્ર શાળા પરિવાર

**બારમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી**



સ્વ. ધનગૌરીબેન મોહનલાલ તગારીવાલા
સ્વ. તા. ૦૩-૦૩-૨૦૧૪ ફાગણ સુદ ત્રીજ

હૃદયસ્થ પૂજ્ય માં...

અંજલી આપતા શબ્દો ખુટે છે, પુષ્પાંજલી આપતા પુષ્પો
ખુટે છે, રડતા રડતા અશ્રુઓ ખૂટે છે, કુદરતના ખજાને
ખોટ પડે છે ત્યારે માયાળુ માનવીના ખજાના લુટે છે.
આપનો લાગણીશીલ સ્વભાવ કયારેય ભુલાશે નહીં,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના

સ્નેહ વંદન
રમેશચંદ્ર એમ. તગારીવાલા | નલીની આર. તગારીવાલા
કૌશલ આર. તગારીવાલા | શીતલ કે. તગારીવાલા
યશવા કૌશલ તગારીવાલા

**માહ્યાવંશી ઉત્તરક્રિયા (બારમાની વિધિ)**



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે
અમારા માતૃશ્રી
રામીબેન ગોવિંદભાઈ કંથારીયા
તા.૨૦.૦૨.૨૦૨૬ને શુક્રવારના રોજ
દેવલોક પામ્યા છે.
પરમાત્મામાં વિલિન થયેલા એમના આત્માને પ્રભુ
પરમ શાંતિ અર્પે એજ અમારી નમ્ર પ્રભુપ્રાર્થના...

સદ્ગતના બારમાની વિધિ
તા.૫.૩.૨૦૨૬ ફાગણ વદ બીજ ગુરૂવારના
રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે
કાસલા બુજરંગ, તા. ઓલપાડ
મુકામે રાખેલ છે.

નિવાસસ્થાન :
ધીરૂભાઈ ગોવિંદજી કંથારીયા – બંગલો,
(Rtd. Dy. SP.) (ગુજરાત પોલીસ)
મુ. કાસલા બુજરંગ, તા. ઓલપાડ.

**સ્વ. રામીબેન ગોવિંદજી કંથારીયા**
સ્વ. તા. ૨૦.૦૨.૨૦૨૬

લિ.
શ્રી શાંતિલાલ ગોવિંદજી કંથારીયા (LIC)
સ્વ. રમેશચંદ્ર ગોવિંદજી કંથારીયા
શ્રી ડી. જી. કંથારીયા (Rtd. Dy. SP.) (ગુજરાત પોલીસ)
રાજેન્દ્ર ટી. કંથારીયા
ઈન્દુમતિ એમ. કરંજીયા – સીમાડા
રક્ષાબેન રાજુભાઈ ચાવડા – આંબોલી
હિરલ એસ. પટેલ (ટોરેન્ટ પાવર)
સિધ્ધરાજ એસ. પટેલ – (LIC)
ત્રિશલાદેવી સુમિત વર્મા – મુલુંડ – મુંબઈ
અમી ભવ્યેશકુમાર પરમાર – ડેપ્યુટી મામલતદાર
ધરા પ્રશાંતકુમાર પરમાર –ટુંડી
કુ. હેતલ આર. ચાવડા – પાયલોટ – આંબોલી
વૈશાલી એસ. કંથારીયા
ગં.સ્વ. હેમલતા આર. કંથારીયા
દક્ષા ધીરૂભાઈ કંથારીયા
ગં.સ્વ. જયાબેન આર. કંથારીયા
દર્શના અંકુર કરંજીયા
રીશી ધ્રુવ ચાવડા, લેહાન
ડો. રાધિકા એચ. પટેલ
ખુશ્બુ એસ. પટેલ, ધૈર્યરાજ
હાર્દિક, પ્રતિક, યશસ્વી, આકાશ
ભવ્યાબા, હિનાયાબા, કનિષ્કાબા
કાવ્યાંશ, પૃથ્વીરાજ સિંહ
યુવરાજસિંહ, નિષ્ઠા, પ્રતિષ્ઠા
ડેનિયલ, ડિયાના